NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2011

# GUJARATI HOME LANGUAGE: PAPER I

Time: 2 hours 70 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 7 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. In your own interest write legibly and present your work neatly.

---

IEB Copyright © 2011

પ્રશ્ન-૧ નીચેનો ગદ્ય વાંચી પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.

## જગદીશચંદ્ર બોઝ



જગદીશચંદ્ર બોઝનો જન્મ ઇ.સ.૧૮૫૮ની સાલમાં ઢાકા પાસે એક નાનકડા ગામમાં થયો હતો.તેમના પિતાને શિક્ષણ પર ખૂબ પ્રેમ હતો. આથી તેઓ પુત્રની કેળવણીમા પહેલેથી જ રસ લેતા હતાં જગદીશચંદ્રનો સ્વભાવ પણ જિજ્ઞાસુ હતો.

જગદીશચંદ્રનું શિક્ષણ એક ગામઠી નિશાળમાં શરુ થયુ.ત્યાં તેમની સાથે ખેડૂતો અને માછીમારના છોકરાઓ હતા. ખેડૂતના છોકરાઓના મોંએથી તેમને ઝાડપાન વિશે વાતો સાંભળવાનુ બહુ ગમતું.માછીમારના છોકરાઓ તેમને જાતજાતની માછલીઓ વિશે વાતો કરતા.આ સાંભળીને જગદીશચંદ્રને એ બધું જોવાનું મન થતું.તેઓ પિતાને આ વિશે જાતજાતના પ્રશ્નો પૂછતા.તેમના પિતા પણ તેમની જિજ્ઞાસા પૂરી કરવાનો હંમેશા પ્રયત્ન કરતા.

જગદીશચંદ્રને નાનપણથી જ બાગમાં એકલા એકલા રમવાનો શોખ લાગ્યો હતો. તેઓ બાગમાં આવતા પશુઓ અને પંખીઓને જોતા અને તેમની સાથે રમતા. બાગમાંના નાનાંમોટાં વૃક્ષોને તેઓ ઓળખતા. આમ પ્રાણી અને વનસ્પતિનું જીવન જાણવાનો તેમનો રસ વધતો ગયો.

તેઓ નવ વરસના થયા,ત્યારે તેમના પિતાની બદલી થઇ. હવે તેમના પિતાએ તેમને એક અંગ્રજી શાળામાં મૂક્યા.શિક્ષકો આ હોંશિયાર વિદ્યાર્થીને જોઇને કહેતા, “આ છોકરો નામ કાઢે એવો છે.”

IEB Copyright © 2011

અંગ્રેજી શાળામાંથી તેમણે કોલેજની પ્રાવેશિક પરીક્ષા પસાર કરી.પછી તેમના પિતાએ તેમને કોલેજમાં મૂક્યા. ત્યાં તેમણે ચાર વર્ષ અભ્યાસ કરી વિજ્ઞાનના વિષય સાથે સ્નાતકની પરીક્ષા પસાર કરી.

હવે જગદીશચંદ્રના મનમાં ઇંગ્લેંડ જઇ આગળ ભણવાના વિચાર આવવા માંડયા.પણ પૈસાનું શું ? તેમના પિતાની આર્થિક સ્થિતિ સારી ન હતી.જગદીશચંદ્ર અવારનવાર ઇંગ્લેંડ જવાનો વિચાર કરતા.પણ પૈસાનો પ્રશ્ન તેમને મૂંઝવતો હતો. તેમની માને દીકરાની મૂંઝવણ સમજાતી અને તે મનમાં ને મનમાં દુ:ખી થતી. પણ થોડો સમય પછી જગદીશચંદ્રના પિતાની આર્થિક સ્થિતિ સુધરવા લાગી.આથી તેમના પિતાએ તેમને કહ્યું, “જગદીશ, લંડન જવાની તૈયારી કરવા માંડ.” જગદીશચંદ્રના આનંદનો પાર રહ્યો નહીં.

**અઘરાં શબ્દો**

કેળવણી – ભણતર    જિજ્ઞાસુ – જાણવાની ઇચ્છાવાળો

ગામઠી – ગ્રામડાની    નામ કાઢવું – કીર્તિ મેળવવી

મૂંઝવણ – અકળામણ    આર્થિક – નાણાં સંબંધી

૧.૧ જગદીશચંદ્ર બોઝનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? (2)

૧.૨ એમનું શિક્ષણ ક્યાંથી શરુ થયું ? (2)

૧.૩ તેઓ ખેડૂત છોકરાઓ પાસેથી શું સાંભળતા ? (2)

૧.૪ તેમને જાતજાતની માછલી વિશે કોણ વાત કરતું ? (2)

૧.૫ જગદીશચંદ્ર બાગમાં જઇ શું કરતા ? (3)

૧.૬ શિક્ષકો તેમને જોઇ શું કહેતા ? (2)

૧.૭ ઈંગ્લેંડ જવા માટે જગદીશચંદ્રને શું પ્રશ્ન મૂંઝવતો હતો ? (3)

૧.૮ ક્યારે જગદીશચંદ્રના આનંદનો પાર રહ્યો નહીં ? (3)

IEB Copyright © 2011 

૧.૯ નીચે આપેલા શબ્દો માટે સમાનાર્થી શબ્દો લખો.

૧.૯.૧ ઝાડ ૧.૯.૨ પિતાજી ૧.૯.૩ પુત્ર (3)

૧.૧૦ નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દ લખો.

૧.૧૦.૧ આનંદ ૧.૧૦.૨ જીવન (2)

૧.૧૧ નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

૧.૧૧.૧ જેનાં માતા–પિતા નથી તે (2)

૧.૧૧.૨ જેને જાણવાની ઇચ્છા છે તે (2)

૧.૧૨ નીચે આપેલી ખાલી જગ્યા પૂરો. (2)

અ. જગદીશચંદ્ર .......... વર્ષના થયા ત્યારે તેમના પિતાની બદલી થઇ.

બ. જગદીશચંદ્રનો સ્વભાવ પણ........ હતો.

**[30]**

પ્રશ્ન–૨ નીચેનો ફકરો વાંચી તેનો સારાંશ / Precise તમારા શબ્દોમાં લખો. (સાત થી આઠ લીટી)

બાળપોથીથી જ વર્ગમાં પરીક્ષામાં પહેલો નંબર લાવવાનું મને કોઠે પડી ગયું હતું. શાળામાં એ સ્થાને મારો સાથ કદી ન છોડયો. ગુજરાત યુનિવર્સિટીમાં પણ બીજા વર્ષ સુધી ફર્સ્ટ ક્લાસ મળતો રહયો. પરંતુ આ બધું છતાં મને કોઇ સુવર્ણચંદ્રક કે ઇનામ તો શું શાબાશીના ખાસ શબ્દો પણ મળ્યા હોય એવું યાદ નથી. ઘેર તો બધા કહે, ‘ પરીક્ષા આપે એટલે નંબર તો આવે જ ને!’ વખાણના આ અભાવે ખોટા અભિમાનમાંથી બચવામાં મને મદદ કરી અને વધુ મહેનત કરવાનો ઉત્સાહ આપ્યો. શિક્ષણનાં વર્ષોથી જ મારો અભિગમ એવો હતો કે પરીક્ષા આપતી વખતે પૂરેપૂરી શકિત રેડી, ખૂબ મહેનત કરી, બને એટલા સારા ઉત્તર આપવા, કોઇ કસર રાખવી નહીં. પરંતુ પરીક્ષા પૂરી થયા પછી પરિણામની કોઇ ચિંતા ન રાખવી.

**[10]**

IEB Copyright © 2011

પ્રશ્ન–૩ નીચે આપેલા ચિત્ર પરથી છ થી સાત લીટીમાં તમારા વિચારો લખો.




**[10]**

પ્રશ્ન-૪ નીચેનું ચિત્ર ધ્યાનપૂર્વક જોઈ આપેલા પ્રશ્નોના જવાબ લખો.



૪.૧ આ ચિત્રમાં શું શું છે ? (4)

૪.૨ આ ચિત્રમાં કયા તહેવાર માટે શુભેચ્છા/ greetings છે ? (2)

૪.૩ આ તહેવાર વિશે તમારા વિચારો જણાવો. (4)

૪.૪ આ ચિત્રમાં આપેલી વસ્તુઓ શું કામમાં આવે છે ? (4)

૪.૫ આ ચિત્રમાં લખેલી શુભેચ્છા લખી જણાવો. (3)

૪.૬ આ ચિત્ર માં કઇ બ્રાન્ડની વસ્તુઓ બતાવી છે ? (3)

**[20]**

**Total: 70 marks**

IEB Copyright © 2011